# "કિડની ટ્રાન્સપ્લાન્ટના ૩૦ વર્ષ"

તા.૨૭/૦૩/૨૦૧૮ ના રોજ મેં કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશનના ૩૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તા.૨૭/૦૩/૧૯૮૯ ના રોજ મારું કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન ડો.મહેશભાઇ દેસાઇ તથા ડો.રાજાપુરકર સાહેબની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું. મને નવી જીંદગી, બીજો જન્મ આપવા બદલ ડો.મહેશભાઇ તથા ડો.રાજાપુરકર સાહેબનો ખૂબ જ આભારી છું.

મારા કિડની ડોનર મારા માતાશ્રી ભાગીરથીબેન હતા. તેઓએ ૫૬ વર્ષની ઉંમરે, હિંમતપૂર્વક કિડની દાન આપીને મને બીજી વાર જન્મ આપ્યો, તેઓએ કિડની દાન પછી ૨ વર્ષ સુધી શિક્ષક તરીકેની સંપૂર્ણ સર્વિસ પુરી કરી. ઇ.સ.૧૯૯૪ માં હાર્ટ એટેકને કારણે તેઓનું મૃત્યુ થયું. કિડની દાન પછી મૃત્યુ સુધી તેઓને કિડની અંબંધી કોઇ બિમારી થઇ નથી. તેઓ ઘરકામ જાતે જ કરતા હતા. આજે ૩૦ વર્ષ પછી, તેઓ કિડની દ્વારા મારા શરીરમાં જીંવત છે. મારા માતૃશ્રીને શત શત વંદન કરું છું.

હું ફેબ્રુઆરી ૧૯૮૮માં મધ્ય રાત્રિએ એમ.પી.યુ.એચ.માં દાખલ થયો ત્યારે મારું ક્રિએટીનાઇન ૧૬ (સોળ) હતું. જીંદગીની આશા છોડી દીધી હતી અને મૃત્યુની રાહ જોઇ રહ્યો હતો. કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે માનસિક તૈયારી ન હતી. પણ ડો.રાજાપુરકર સાહેબ તથા સુજાતાબેનના કાઉન્સીલીંગને કારણે અમે કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરાવવાનો નિણંય કર્યો. હોસ્પીટલાઇઝેશન દરમિયાન કિડની ટ્રાન્સપ્લાન્ટ કરેલા પેશન્ટને નોર્મલ જીંદગી પસાર કરતા જોઇને હિંમતમાં વધારો થયો.

મેં કિડની ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન પછી લખીધીરજી એન્જીનીયરીંગ કોલેજમાં મીકેનીકલ ડીપાર્ટમેન્ટમાં ૧૭ વર્ષ સુધી અધ્યાપન કાર્ય કર્યુ. ઇ.સ.૨૦૦૫માં હીપ જોઇન્ટ ફેઇલ્યોરને કારણે મરજીયાત નિવૃત્તિ લીધી. મેં દસ વર્ષ વહેલી નિવૃત્તિ લીધી. આ કારણે મારે ટીચીંગ કાર્ય અને વિદ્યાર્થીઓથી દુર થવું પડયું તેનો અફસોસ છે, પણ દરેક માણસે પોતાના સંજોગો સ્વીકાર કરીને જીંદગીમાં આગળ વધવું રહ્યું. ઘરી મારો પૂર્વ જન્મ (Rebirth) થાય ત્યારે ફરી પ્રોફેસર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તેવી પરમ કૃપાળુ ઇશ્વરને પ્રાર્થના છે.

મને નડિયાદની કિડની હોસ્પીટલ દ્વારા એક વાર નહિ, પણ બે વાર નવી જીંદગી આપેલ છે. બીજી વખતે (૧૯૯૮ની આસપાસ) મને સખત મેનેજાઇન્ટીસ થયો હતો. એમોફોટેરીસીનનો ૪૨ ઇન્જેકશનનો કોર્સ કરવાનો હતો. આ ઇન્જેકશનનું ભારે રીએકશન આવે છે તે ડોકટર દ્વારા સમજાવેલ હતું. હું મૃત્યુ માટે તૈયાર હતો અને અમોએ હોસ્પીટલમાંથી રજા લેવા પ્રયત્ન કર્યો, પણ ડો.રાજાપુરકર સાહેબ તથા શ્રીમતી સુજાતાબેને રજા ન આપીને, ટ્રીટમેન્ટ માટે તૈયાર કર્યા. મેં ૪૨ ઇન્જેકશનનો કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરીને, ૭૦ દિવસના હોસ્પીટલાઇઝેશન પછી સંપૂર્ણ સ્વસ્થતા સાથે રીલીવ થયો.

કિડની ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન પછી, કિડની રીજેકટ ન થાય તે માટે, જીંદગીભર (lifetime) ટ્રીટમેન્ટ જરૂરી છે. જો આ ટ્રીટમેન્ટ નિષ્ણાત ડોકટરોના માર્ગદર્શન મુજબ, ૧૦૦% પ્રતિબધ્ધતા સાથે કરો તો જ કિડનીની લાઇફ વધારી શકાય છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી, કિડનીને શરીર રીજેકટ ન કરે, તે માટે, શરીરની પ્રતિરોધક શકિત ઓછી કરવાની દવાઓ લેવાની હોય છે. તેથી શરીરને ઇન્ફેકશન થવાના ચાન્સ વધે છે. તેથી ઇન્ફેકશથી બચવા, સંયમિત જીવન જરૂરી છે.

મારા ૩૦ વર્ષના ટ્રાન્સપ્લાન્ટ સમય દરમિયાન બે વખત ટીબી થયેલ હતો. બંને વખતે એકેટી-૪ નો ૧ વર્ષનો કોર્સ પૂર્ણ કરીને, સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરેલ હતી. ઇ.સ.૨૦૦૧માં હાર્ટ એટેકનો પણ સામનો કરેલ હતો.

**કિડની ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓ માટે મારા અનુભવ પરથી સૂચનો કરું છું.**

(૧) જયારે ઇશ્વરે નવી જીંદગી જીવવાની તક આપેલ છે ત્યારે જીંદગીનાં સકારાત્મક વલણ (positive attitude) રાખો, જે તમારું જીવન સરળ અને ઉચ્ચ કક્ષાનું બનાવશે. રોગોની ટ્રીટમેન્ટમાં પણ સારા પરિણામ પ્રાપ્ત થશે.

(૨) મેં ટ્રાન્સપ્લાન્ટના ૩૦ વર્ષો દરમિયાન એલોપથી સિવાય કોઇ ટ્રીટમેન્ટ લીધેલ નથી. મહેરબાની કરીને મેડીકલની બીજી શાખાઓ (આર્યુવેદીક, હોમીયોપેથીક વિ.) નો પ્રયોગ કરશો નહી.

(૩) ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓ માટે લાઇફ ટાઇમ ફોલોઅપ ટ્રીટમેન્ટ ફરજીયાત છે. તેથી તેને બંધ કરશો નહી.

(૪) તમારા ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની અને ટ્રીટમેન્ટની દરેક સગા-સંબંધીઓ સાથે લંબાણપૂર્વક ચર્ચા કરશો નહી અને બીજા પાસેથી સહાનુભૂતિની અપેક્ષા પણ ન રાખશો. આ પ્રકારની ચર્ચા તમારા જીવનમાં નકારાત્મક એનર્જી ઉત્પન્ન કરશે અને શકય છે કે તમારી તંદુરસ્તીને હાનિ પહોંચાડશે.

(૫) ટ્રાન્સપ્લાન્ટ દર્દીએ કપરા અનુભવમાંથી પસાર થઇને નવી જીંદગી પ્રાપ્ત કરેલ છે. તેથી તેઓ બીજા દર્દીઓનું દુ:ખ અનુભવી શકે છે. જો તમો આર્થિક રીતે સધ્ધર હો તો, બીજા કિડનીના દર્દીઓને આર્થિક સહાય કરવી જોઇએ.

મારી જીંદગીના દરેક પ્રસંગે મારા બહેન શ્રીમતી રેખાબેન ધ્રુવે મારી સાથે એક મજબૂત દિવાલ બનીને મને સાથ આપેલ છે. મારા બહેનનો હું ખાસ ઋણી છું.

ઈ.સ. ૧૯૮૩ થી હું ઓશો રજનીશજીની ફિલોસોફીથી પ્રભાવિત છું. તેમના ક્રાંતિકારક વિચારો મારા દુ:ખના પ્રસંગોએ હંમેશા પ્રેરણાદાયી રહ્યા છે અને જીવનને આનંદથી જીવવાનું બળ આપેલ છે.

Doctors are ambassadors of God. તો મારા જીવનમાં એમ.પી.યુ.એચ.ના ડોકટરો ઇશ્વરના દૂત બનીને મને નવજીવન આપેલ છે. ફરી એક વખત એમ.પી.યુ.એચ. હોસ્પીટલ અને ડોકટર્સ અને પરમકૃપાળુ ઇશ્વરનો આભારી છું.

(મહેન્દ્ર સાંગાણી)